# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : અશરફ નથવાણી

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૧૦-૦૮-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## રાષ્ટ્રપતિ-દ્રૌપદી મુર્મુ :

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તિમોર લેસ્ટેનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ગ્રાન્ડ કોલર ઑફ ઓર્ડર આપવામાં આવ્યો છે.તિમોર લેસ્ટેના રાષ્ટ્રપતિ જોસ રામોસ હોર્ટાએ રાષ્ટ્રપતિ ભવનમાં શ્રીમતી મુર્મુને આ સન્માન આપ્યું હતું.રાષ્ટ્રપતિ મુર્મુએ રાષ્ટ્રપતિ હોર્ટા અને પ્રધાનમંત્રી ગુસ્માઓ સાથે દ્વિપક્ષીય સહયોગ અંગે બેઠક કરી હતી.

**RNU અમદાવાદ**

---

## રાજ્યવ્યાપી "હર ઘર તિરંગા" અભિયાન :

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટના રેસકોર્સ ખાતેથી રાજ્યવ્યાપી "હરઘર તિરંગા" અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં હજારો નાગરિક જોડાયા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે,ગુજરાતની માટીમાંથી આપણને પ્રેરણા મળે છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના અમૃતકાળમાં દેશને વર્ષ 2047 સુધીમાં વિકસિત બનાવવાનું સ્વપ્ન જોયું છે અને તેને સાકાર કરવાની નેમ લીધી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું,પ્રધાનમંત્રીશ્રીએ શરૂ કરેલા "મેરી માટી મેરા દેશ","આઝાદી કા અમૃત મહોત્સવ","તિરંગા યાત્રા" અભિયાને નાગરિકોમાં નેશનફર્સ્ટની ભાવનાને પ્રબળ કરવામાં સફળતા મેળવી છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-હર ઘર તિરંગા અભિયાન :

કચ્છ જિલ્લામાં ૧૩ ઓગસ્ટ સુધી “હર ઘર તિરંગા” અભિયાન અંતર્ગત “તિરંગા યાત્રા”ના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.જિલ્લાકક્ષાની વિશાળ તિરંગા યાત્રાનું ભુજ શહેરમાં આયોજન કરવામાં આવ્યું છે.આવતીકાલે જ્યુબિલી ગ્રાઉન્ડથી સવારે ૯.૦૦ વાગ્યે આ તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે. જ્યુબિલી ગ્રાઉન્ડથી નીકળીને આ તિરંગા યાત્રા ઑલ્ફ્રેડ સર્કલ થઈને ટાઉનહોલ ખાતે પહોંચશે.ત્રણ હજારથી વધારે લોકો આ તિરંગા યાત્રામાં સામેલ થાય એવું આયોજન જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

તિરંગા યાત્રામાં વિવિધ વિભાગના અધિકારીઓ,કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાશે.આ ઉપરાંત પોલીસજવાનો,હોમગાર્ડ જવાનો વગેરે આ તિરંગા યાત્રામાં ભાગ લેશે.

**માહિતી ખાતું/અશરફ નથવાણી**

---

## વિશ્વ સિંહ દિવસની ઉજવણી :

રાજ્યભરમાં આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી થઇ રહી છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ સિંહ દિવસ પ્રસંગે વન્ય જીવ સંરક્ષણ સાથે સંકળાયેલા તમામ લોકોને શુભેચ્છા પાઠવી છે.સોશિયલ મિડિયાના માધ્યમથી શ્રી મોદીએ ફેબ્રુઆરી

મહિનામાં આંતરરાષ્ટ્રીય બીગ કેટ એલાયન્સની સ્થાપના માટે કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરીનો પણ ઉલ્લેખ કર્યો છે.

તેમણે તમામ વન્યજીવ પ્રેમીઓને ગીર રાષ્ટ્રીય અભયારણ્યની મુલાકાત લેવા અને રાજ્યનાં લોકોનાં આતિથ્યનો અનુભવ કરવા પણ આમંત્રણ આપ્યું હતું.

શ્રી મોદીએ ગુજરાતમાં તાજેતરનાં વર્ષોમાં સિંહોની સંખ્યામાં થયેલા વધારાને ખુશીના સમાચાર ગણાવ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## સાંસદ વિનોદ ચાવડા દ્વારા રજુઆતો :

કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને સડક પરિવહન અને રાજ્ય માર્ગ મંત્રી નીતિન ગડકરીની મુલાકાત લઈ કચ્છ - મોરબીના રેલવે તથા રસ્તાના વિવિધ પ્રશ્નોની વિગતવાર રજૂઆતો કરી હતી.

યાત્રિકોને પૂરતી સુવિધા મળે અને સમય અને પૈસાની બચત થાય તે માટે ફાસ્ટ,સુપર ફાસ્ટ અને વંદે ભારત જેવી ટ્રેનોની સુવિધા મળે તેમજ કચ્છ અને સૌરાષ્ટ્ર અને દેશના વિવિધ પ્રાંતો સાથે જોડતી રેલસેવા સુવિધા મળે માટે શ્રી ચાવડાએ રેલવે મંત્રીને રૂબરૂ મળી લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી.રેલવે મંત્રીએ આ રજૂઆતોની નોંધ લઈ સકારાત્મક અભિગમ દર્શાવ્યો હતો.

સડક પરિવહન અને રાજ્ય માર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરી સાથે પણ કચ્છના સાંસદે રૂબરૂ મુલાકાત કરી કચ્છના રસ્તા-હાઈવે અને રાજમાર્ગને જોડતા ધોરીમાર્ગો વિષે રજૂઆત હતી.જેમાં તેમણે કચ્છથી માળિયા હાઈવે સિક્સ લેન બનાવવા, સૂરજબારી અને સામખિયાળી વચ્ચે બે ટોલટેક્ષને બદલે એક ટોલટેક્ષ બંધ કરવા, સહિતની વિવિધ રજૂઆત કરી હતી.

**NP-અશરફ નથવાણી**

------------------------------------------------------------------------------------------

## ચાંદીપુરા વાયરસ :

ચાંદીપુરા વાયરસના વધતા વ્યાપને ધ્યાને લઈ દિલ્હીથી આવેલી ટીમે કચ્છમાં જ્યાં આ સંક્રમણનો પ્રથમ કેસ નોંધાયો હતો તે નખત્રાણા તાલુકામાં સઘન તપાસ હાથ ધરી હતી. કેન્દ્ર લેવલની આ આરોગ્ય ટીમ દેવપર (યક્ષ)ની વાડીમાં પહોંચી હતી. અને સ્થાનિકે કાચા મકાનોના ખાડા - ખાંચાની ઝીણવટભરી તપાસ કરી હતી .

**NP-અશરફ નથવાણી**

------------------------------------------------------------------------------------------

## ભુજ હાટ ખાતે પ્રદર્શન :

રાષ્ટ્રીય હાથશાળ દીવસના ઉપલક્ષમાં નાબાર્ડ દ્વારા ભુજ હાટ ખાતે ત્રિદિવસીય રાજ્યકક્ષાનું પ્રદર્શન યોજાયું હતું.જેમાં કારીગરકાર્ડનું વિતરણ તેમજ નાબાર્ડ દ્વારા સખીમંડળની બહેનોને લોનના ચેકોનું વિતરણ કરાયું હતું.

**NP-અશરફ નથવાણી**

------------------------------------------------------------------------------------------

## જી.કે જનરલ-સીટી સ્કેન સેવા :

જી.કે.જનરલ હોસ્પિટલમાં સીટી સ્કેન સેવા સપ્ટેમ્બરના પ્રથમ પખવાડિયા સુધી બંધ રહેશે.

હોસ્પિટલ દ્વારા બહાર પાડવામાં આવેલ અખબારી યાદી મુજબ,રેડિયોલોજી વિભાગ અંતર્ગત હાલમાં ચાલતા સિટી સ્કેનની જગ્યાએ અતિ આધુનિક સીટી સ્કેન મશીનને કાર્યાન્વિત કરવાની કાર્યવાહી પ્રગતિમાં હોતાં સીટી સ્કેનની સેવા હંગામી ધોરણે બંધ રહેશે.

અત્રે ઉલ્લેખની છે કે હાલના ૧૬ સ્લાઈસના સીટી સ્કેનની જગ્યાએ નવી ટેકનોલોજીથી સુસજ્જ ૧૨૮ સ્લાઈસનું મશીન સ્થાપિત થવાથી સીટી સ્કેનની કાર્યવાહી ઝડપી બનશે.

**યાદી-અશરફ નથવાણી**

---

## અભયમ હેલ્પલાઇન અંગે સેમીનાર :

મહિલાઓને અભય બનાવતી 181 મહિલા હેલ્પલાઈન સેન્ટર અંગે માહિતી અને માર્ગદર્શન આપવાના હેતુથી ભુજની મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજ ખાતે સેમિનાર યોજાયો હતો.જેમાં `અભયમ્'ની ટીમ દ્વારા  ડેમોસ્ટ્રેશન બતાવી હિંસા જેવા બનાવોમાં અભયમ હેલ્પલાઇનની મદદથી તાત્કાલિક બચાવ અંગે માહિતી આપી હતી, જેમા કોલેજની 900 જેટલી વિદ્યાર્થિનીઓ જોડાઇ હતી.

**NP-અશરફ નથવાણી**

---